પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૭ | ૨૮ એપ્રિલ, ૨૦૨૨, ગુરૂવાર; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બજાર તૂટતાં ૨૫ લાખ કરોડનું ધોવાણ

## તેજીની ચમક ઓસરતાં બજારમાં રોકાણકારો ધોવાયા : સેન્સેક્સમાં ૫૩૭ અને નિફ્ટીમાં ૧૬૨ પોઈન્ટનો કડાકો

મુંબઈ, તા.૨૭

ભારતીય શેરબજારમાં વોલેટિલિટી ચાલુ છે. મંગળવારે શેરબજારમાં તેજી હતી પરંતુ બુધવારે આ તેજી ચાલુ રહી શકી નથી. શેરબજાર ઘટાડા સાથે ખુલ્યું અને ઘટાડા સાથે બંધ થયું. પરિણામે રોકાણકારોના લગભગ ૨૫ લાખ કરોડ રૂપિયા ડૂબી ગયા હતા. કામચલાઉ એક્સચેન્જના ડેટા અનુસાર, બીએસઈ-લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી ઘટીને રૂ. ૨૬૬.૯ લાખ કરોડ થઈ હોવાથી રોકાણકારોએ રૂ. ૨.૫ લાખ કરોડની સંપત્તિ ગુમાવી હતી.

બીએસઈનો ૩૦ શેરનો ઈન્ડેક્સ સેન્સેક્સે દિવસભર ખોટમાં કારોબાર ચાલુ રાખ્યો હતો. મોટાભાગે સેન્સેક્સમાં ૫૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ છેલ્લે ૫૩૭.૨૨ પોઈન્ટ અથવા ૦.૯૪ ટકા ઘટીને ૫૬,૮૧૯.૩૯ પર બંધ થયો હતો. આ સિવાય એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટીની સ્થિતિ પણ એવી જ રહી. નિફ્ટીએ પણ દિવસભર ખોટ સાથે વેપાર કર્યો અને તે ૧૬૨.૪૦ પોઈન્ટ અથવા ૦.૯૪ ટકાના ઘટાડા સાથે ૧૭,૦૩૮.૪૦ પર બંધ થયો. બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ, આઈસીઆઈસીઆઈ બેંક, ટાઈટન, ડૉ. રેડ્ડીઝ, વિપ્રો, સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, ઈન્ફોસિસ, મારુતિ અને અલ્ટ્રાટેક સિમેન્ટ સેન્સેક્સના ૩૦ શેરના પેકમાં સૌથી વધુ નુકસાનકર્તા હતા. તેનાથી વિપરીત, ટાટા સ્ટીલ, એશિયન પેઈન્ટ્સ, એચસીએલ ટેક્નોલોજીસ, ટીસીએસ, કોટક મહિન્દ્રા બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેંક લાભ મેળવનારાઓમાં હતા. આ સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દેશની પહેલી એવી કંપની બની ગઈ છે, જેની માર્કેટ મૂડી ૧૯ લાખ કરોડ રૂપિયાને પાર કરી ગઈ છે. એશિયન બજારો મિશ્ર હતા. ટોક્યો અને સિઓલમાં ૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે હોંગકોંગ અને શાંઘાઈ ફાયદા સાથે બંધ થયા હતા. તે જ સમયે, બપોરના સત્રમાં, યુરોપના બજારો લીલા નિશાન પર કારોબાર કરી રહ્યા હતા અને મંગળવારે અમેરિકાના શેરબજારો ઘણા ઘટાડા સાથે બંધ થયા હતા.

# તામિલનાડુમાં રથયાત્રા પર હાઈ વોલ્ટેજ વાયર પડતાં ૧૧નાં મોત

## રથયાત્રા જઈ રહી હતી ત્યારે દુર્ઘટના સર્જાઈ : તંજાવુરમાં વાર્ષિક રથ ઉત્સવ દરમિયાન રથને લઈને લોકો મોટી સંખ્યામાં જઈ રહ્યા હતા ત્યારે અચાનક રથ એક જગ્યા પર વળાંક દરમિયાન ફસાઈ ગયો હતો

નવી દિલ્હી,તા.૨૭

તામિલનાડુ, તંજાવુરમાં વાર્ષિક રથયાત્રા દરમિયાન રથનું વાહન હાઈ વોલ્ટેજ તારના સંપર્કમાં આવતા મોટી દુર્ઘટના સર્જાઈ છે. ખુશીનો કાર્યક્રમ માતમમાં ફેરવાયો છે. આ અકસ્માતમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. આ ઘટના કઈ રીતે બની કોની ભૂલના કારણે આ ઘટના ઘટી તે અંગે હજુ તપાસ કરવામાં આવી રહી છે. ઘટના



સ્થળ પર દેખાય છે કે એક વાહનની આગળ હાઈ વોલ્ટેજ વાયર પડ્યા છે એટલે કે આ વાયર રથના સંપર્કમાં આવતા દુર્ઘટના સર્જાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ ઘટનામાં ૧૧ લોકોના મોતની સાથે અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ પણ પ્રાપ્ત થઈ રહ્યા છે. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટના સ્થળ પર પહોંચી હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધારે તપાસ શરુ કરી છે. રથયાત્રા મંદિર તરફ જઈ રહી હતી ત્યારે દુર્ઘટના બની હોવાની પ્રાથમિક વિગતો સામે આવી રહી છે. આ ઘટનામાં ૧૫ જેટલા લોકો ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બનાવ બાદ લોકો એટલા ગભરાઈ ગયા હતા કે શું કરવું અને શું ના કરવું તે સમજી શક્યા નહોતા જેના લીધે મૃતકોની સંખ્યામાં વધારો થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# ફર્ટિલાઈઝર સબસીડીમાં વધારો કરવા કેન્દ્રીય કેબિનેટનો નિર્ણય

## ડીઝલની કિંમતોમાં થયેલા વધારાથી પરેશાન ખેડૂતોના માથે સરકાર ખાતરની મોંઘવારીનો બોજ નથી નાખવા માગતી

નવી દિલ્હી, તા.૨૭

દેશના ૧૪ કરોડ ખેડૂતોને રાહત આપવા માટે કેન્દ્ર સરકારે ફર્ટિલાઈઝર સબસિડી વધારવાનો નિર્ણય લીધો છે. ખરીફ પાકની સીઝન આવી રહી છે અને ખાતર માટેનો કાચો માલ ખૂબ જ મોંઘો થઈ રહ્યો છે.

કંપનીઓએ તાજેતરમાં ડીએપીની કિંમતોમાં ૧૫૦ રૂપિયાનો વધારો કર્યો હતો. યુરિયા અને અન્ય ખાતરની કિંમતોમાં વધારો થવાનું પણ સંપૂર્ણ અનુમાન છે. તેવામાં પહેલેથી જ ડીઝલની કિંમતોમાં થઈ રહેલા વધારાથી પરેશાન ખેડૂતોના માથે સરકાર ખાતરની મોંઘવારીનો બોજ નથી નાખવા માગતી.

કેબિનેટની બેઠકમાં ફર્ટિલાઈઝર સબસિડી વધારવા મંજૂરી આપવામાં આવી છે. સરકાર સબસિડી નહીં વધારે તો ખેડૂતોએ મોંઘુ ખાતર ખરીદવું પડશે. હાલ સરકાર ખેડૂતો મોંઘુ ખાતર ખરીદે તેવું રાજકીય જોખમ નથી લેવા માગતી.

સરકારનો એવો પ્રયત્ન છે કે, ખાતરના કાચા માલની કિંમતોમાં થઈ રહેલા વધારાનો બોજો ખેડૂતો પર ન પડે. આ કારણે સરકાર સબસિડીનો વધુ ભાર ઉઠાવવા તૈયારી કરી રહી છે.

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ખાતરના કાચા માલની કિંમતોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. તેનું કારણ એ છે કે, ફોસ્ફેટિક અને પોટેશિયમ ખાતરોનો પુરવઠો પ્રભાવિત થઈ રહ્યો છે. ખાતર બનાવતી કંપનીઓના કહેવા પ્રમાણે રો મટિરીયલ ખૂબ મોંઘા થઈ ગયા છે. કેનેડા, ચાઈના, જોર્ડન, મલેશિયા, ઈન્ડોનેશિયા અને અમેરિકાથી પણ ખાતરનો કાચો માલ આવે છે.

# હરિદ્વારમાં ધર્મગુરૂઓની મહાપંચાયત નહીં યોજાય

## વહીવટી તંત્ર દ્વારા દાદા જલાલપુર ગામના ૫ કિમીના ક્ષેત્રમાં કલમ ૧૪૪ અંતર્ગત પ્રતિબંધો લાદી દેવામાં આવ્યા

હરિદ્વાર, તા.૨૭

રૂડકી ધર્મ સંસદ અટકાવાયા બાદ હવે હરિદ્વાર પ્રશાસને પણ પોતાના ત્યાં યોજાનારી મહાપંચાયત

**હિંદુ ધર્મગુરૂઓ દ્વારા એક મહાપંચાયતની ઘોષણા થઈ હતી**

પર રોક લગાવી દીધી છે. હરિદ્વાર જિલ્લા પ્રશાસને મંગળવારે હિંદુ ધર્મગુરૂઓ દ્વારા એક મહાપંચાયતની ઘોષણા કરવામાં આવી ત્યારબાદ દાદા જલાલપુર ગામના ૫ કિમીના ક્ષેત્રમાં કલમ ૧૪૪ અંતર્ગત નિષેધાજ્ઞા લાગુ કરી દીધી હતી.

હરિદ્વારના જિલ્લાધિકારી વીએસ પાંડેયે જણાવ્યું કે, દાદા જલાલપુર અને આસપાસના ૫ કિમી ક્ષેત્રમાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. તમામ કાર્યક્રમો પ્રતિબંધિત કરી દેવામાં આવ્યા છે. આ કાર્યક્રમ (મહાપંચાયત) માટે કોઈ મંજૂરી નહોતી લેવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, હરિદ્વારના ભગવાનપુર વિસ્તારમાં ૧૬ એપ્રિલના રોજ એક ધાર્મિક સરઘસ યોજવામાં આવેલું તે દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી જેમાં અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસે તે મામલે અનેક લોકોની ધરપકડ કરી હતી.

પોલીસે આજે એટલે કે, બુધવારના રોજ ઉત્તરાખંડના રૂડકી ખાતે યોજાનારી ધર્મ સંસદ પર રોક લગાવી દીધી છે. આ સાથે જ ઉત્તરાખંડ પોલીસે રૂડકીમાં કલમ

**બુધવારના રોજ ઉત્તરાખંડના રૂડકી ખાતે યોજાનારી ધર્મ સંસદ પર રોક લગાવી દીધી છે. આ સાથે જ ઉત્તરાખંડ પોલીસે રૂડકીમાં કલમ ૧૪૪ પણ લાગુ કરી દીધી છે**

૧૪૪ પણ લાગુ કરી દીધી છે અને ધર્મ સંસદના આયોજકો વિરૂદ્ધ કેસ દાખલ કર્યો છે. જાણવા મળ્યા મુજબ કેટલાક આયોજકોની ધરપકડ પણ કરવામાં આવી છે. પોલીસે સુપ્રીમ કોર્ટના આકરા વલણ બાદ આ પગલું ભર્યું છે.

# એર ઈન્ડિયાએ એર એશિયા ઈન્ડિયાના મર્જ માટે મંજૂરી માગી

મુંબઈ, તા.૨૭

ટાટા ગ્રૂપની માલિકીની એર ઈન્ડિયાએ બજેટ એરલાઈન કંપની એરએશિયા ઈન્ડિયાનું મર્જર કરવા અંગે પ્રતિસ્પર્ધા પંચ સીસીઆઈની મંજૂરી માંગી છે.

આ મર્જર બાદ એરએશિયા ઈન્ડિયા ટાટા સમૂહની પૂર્ણ માલિકી ધરાવતી કંપની બની જશે. હાલ એરએશિયા ઈન્ડિયાનો ૮૩.૬૭ ટકા હિસ્સો ટાટા સન્સ પ્રાઈવેટ લિમિટેડ પાસે છે અને બાકીનો હિસ્સો એરએશિયા ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડની પાસે છે, જે મલેશિયાના એરએશિયા સમૂહનો ભાગ છે.

એર ઈન્ડિયા અને તેની સહાયક કંપની એર ઈન્ડિયા એક્સપ્રેસે પાછલા વર્ષે ટાટા સન્સ પ્રાઈવેટ લમિટેડની પૂર્ણ માલિકીની સબસિડીયરી ટેલેસ પ્રાઈવેટ લિમિટેડને ટેકઓવર કરી હતી.

# વેટ ઘટાડી પેટ્રોલ-ડિઝલના ભાવમાં રાહત આપવા માટે મોદીની અપીલ

## મોટાભાગના રાજ્યોમાં પેટ્રોલના ભાવ ૧૦૦ રુપિયાને પાર પહોંચી ગયા : વેટ ના ઘટાડી છ મહિનામાં કેટલાક રાજ્યોએ મોટા પ્રમાણમાં રાજસ્વ પ્રાપ્ત કર્યું, પરંતુ હવે તેમણે નાગરિકોને રાહત આપવી જોઈએ : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૨૭

દેશના લગભગ તમામ રાજ્યોમાં પેટ્રોલના ભાવ ફરી ૧૦૦ રુપિયાને પાર થઈ ગયા છે, ત્યારે હવે પીએમ મોદીએ રાજ્યોને વેટમાં કાપ મૂકી નાગરિકોને રાહત આપવા માટે અપીલ કરી છે.

પીએમે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે નવેમ્બર ૨૦૨૧માં એક્સાઈઝ ડ્યૂટી પર કાપ મૂક્યો હતો જેના કારણે મોંઘા પેટ્રોલ અને ડીઝલમાં લોકોને રાહત મળી હતી. તે સમયે કેન્દ્ર સરકારની વાત માની કેટલાક રાજ્યોએ પણ વેટ ઘટાડ્યો હતો, પરંતુ જે રાજ્યોએ તે વખતે પણ વેટ નહોતો ઘટાડ્યો ત્યાં આજે પણ પેટ્રોલ ખૂબ મોંઘા ભાવે વેચાઈ રહ્યું છે. પીએમે જણાવ્યું હતું કે, વેટ ના ઘટાડી છ મહિનામાં કેટલાક રાજ્યોએ મોટા પ્રમાણમાં રાજસ્વ પ્રાપ્ત કર્યું છે, પરંતુ હવે તેમણે નાગરિકોને રાહત આપવી જોઈએ.

દેશમાં સતત વધી રહેલા કોરોનાના કેસ અંગે પીએમે આજે તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે ઓનલાઈન સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આર્થિક નિર્ણયોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેનો તાલમેલ પહેલાથી વધુ આવશ્ય છે. તેમાંય ખાસ કરીને હાલ યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે, જેના લીધે સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે ત્યારે દિવસેને દિવસે પડકારો વધી રહ્યા છે. આવા સંકટના સમયમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના તાલમેલને ઓર વધારવો અનિવાર્ય છે.




# વધતા કેસથી ડરવાની નહીં સાવચેતી રાખવી જરૂરી : મોદી

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં કોરોનાના કેસમાં થઈ રહેલા વધારા વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી બેઠક કરી હતી. બેઠક દરમિયાન વડાપ્રધાને વેક્સિનેશન અને સાવધાનીઓ અંગે ચર્ચા કરી હતી.

વડાપ્રધાને કહ્યું હતું કે, 'જે રીતે તેમણે અત્યાર સુધી પોતાનું કામ કર્યું છે તે માટે હું તમામ કોરોના વોરિયર્સની પ્રશંસા કરૂં છું. અમુક રાજ્યમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. કોરોનાનો પડકાર ઓછો નથી થયો. તેની સ્થિતિ ગંભીર થઈ શકે છે. યુરોપમાં જોઈ શકાય છે. છેલ્લા કેટલાક દિવસમાં અનેક દેશમાંથી કોરોનાના કેસ સામે આવ્યા છે. આપણે સ્થિતિને નિયંત્રણમાં રાખી છે.

## પ્રજાપતિ બેસણું



અમારા માતૃશ્રી ગં.સ્વ. ગંગાબેન ભલાભાઈ પ્રજાપતિ (વાવોલવાળા)નું તા. ૨૫/૪/૨૦૨૨, ચૈત્ર વદ-૧૦, સોમવારના રોજ કુદરતી દુઃખદ દેવલોક પામેલ છે, **સદ્‌ગતના સુંવાળા (બેસણું) તા. ૨૮/૪/૨૦૨૨, ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાક** સુધી અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**બેસણાનું સ્થળ : બ્લોક નં. ૮૮/૧, છ-ટાઈપ, સેક્ટર-૧૨, ગાંધીનગર**
**બેસણાનો સમય : તા. ૨૮/૪/૨૦૨૨, ગુરૂવાર ● સમય : સવારે ૮ થી ૧૨**

પ્રજાપતિ મહેન્દ્રભાઈ ભલાભાઈ
(મેનેજર, સરકીટ હાઉસ, ગાંધીનગર)
પ્રજાપતિ ભરતભાઈ ભલાભાઈ
પ્રજાપતિ રાજેશભાઈ ભલાભાઈ
સ્વ. પ્રજાપતિ કૈલાસ મહેન્દ્રભાઈ
પ્રજાપતિ સવિતા ભરતભાઈ
પ્રજાપતિ જયશ્રી રાજેશભાઈ
પ્રજાપતિ ફાલ્ગુન મહેન્દ્રભાઈ (કેનેડા)
પ્રજાપતિ સિદ્ધાર્થ ભરતભાઈ
પ્રજાપતિ કુંજ રાજેશભાઈ ● પ્રજાપતિ જહાન્વી રાજેશભાઈ

મહેન્દ્રભાઈ પ્રજાપતિ મો. ૯૪૨૬૫ ૦૪૬૩૬
ભરતભાઈ પ્રજાપતિ મો. ૯૯૭૪૬ ૮૧૯૮૮
રાજેશભાઈ પ્રજાપતિ મો. ૯૮૨૫૧ ૯૭૫૬૯

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
પ્રજાપતિ પ્રહલાદભાઈ શકરાભાઈ (મુબારકપુર)